# ફરિયાદકા ફ્રોડકાંડમાં સહ આરોપી પણ ઝબ્બે, બંને પાંચ દિવસ પોલીસ રિમાન્ડ પર




## વરતેજ પોલીસ મથકે નોંધાયેલા GPID એક્ટના ગુનામાં કડક કાર્યવાહી; આરોપીના ઘરેથી દસ્તાવેજો અને મોબાઈલ જપ્ત

ભાવનગર,તા.૯

રોકાણકારોને માસિક ૨૦ ટકા જેટલું ઊંચું વળતર આપવાની લોભામણી સ્કીમો બતાવી કરોડો રૂપિયાનો વિશ્વાસઘાત કરવાના ગુનામાં ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે અન્ય એક સહ-આરોપી યોગેશ વેલજીભાઈ ધામેચાની પોલીસે ધરપકડ કરી છે. એલસીબીએ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી આગામી ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધીના, એટલે કે દિન-૫ ના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મેળવી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, પકડાયેલા આરોપી યોગેશ ધામેચાના ઘરે સર્ચ અને સીઝરની કાર્યવાહી દરમિયાન ગુનાને લગતા બે ચોપડા અને બે મોબાઈલ ફોન સહિતના મહત્વના દસ્તાવેજો તપાસ અર્થે જપ્ત કરવામાં આવ્યા છે. આ ચકચારી કેસમાં શરૂઆતમાં ફરિયાદી સહિત કુલ ૭ સાહેદો દ્વારા રૂ. ૧,૦૩,૧૪,૫૦૦/- ઓળવી ગયા અંગેની ફરિયાદ વરતેજ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ગુજરાત થાપણદારોના હિતોનું રક્ષણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ નોંધાઈ હતી.

### વધુ ૮ રોકાણકારોએ પોતાના ૨૫.૯૦ લાખ ઓળવી ગયાના નિવેદન નોંધાવ્યા

પોલીસ દ્વારા મીડિયાના માધ્યમથી કરાયેલી અપીલના પગલે, માત્ર બે દિવસની તપાસમાં જ અન્ય વધુ ૮ રોકાણકારોએ તપાસ અધિકારીનો સંપર્ક કર્યો હતો. આ રોકાણકારોના પણ રૂ. ૨૫,૯૦,૦૦૦/- ઓળવી ગયા અંગેના નિવેદનો અને દસ્તાવેજો કબજે લેવાયા છે. આમ, આજદિન સુધીની તપાસમાં આરોપી સંજય મુળજીભાઈ ધામેચા અને યોગેશ ધામેચાએ કુલ રૂ. ૧,૨૯,૦૪,૫૦૦/- ની રકમ પચાવી પાડી હોવાનું સામે આવ્યું છે. ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો અન્ય કોઈ રોકાણકારો ભોગ બન્યા હોય તો તેઓએ જરૂરી આધાર પુરાવાઓ સાથે તાત્કાલિક એલસીબી કચેરીનો સંપર્ક કરવો.

# પરસ્પર ભાઈચારા સાથે રથયાત્રા મહોત્સવ ઉજવવા આઈજીપી રાજેન્દ્ર અસારીનું આહવાન

## ભાવનગરમાં રથયાત્રા પૂર્વે આઈજીપીની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ, હિન્દુ-મુસ્લિમ સહિત તમામ સમાજના આગેવાનોની રહી ઉપસ્થિતિ



ભાવનગર,તા.૦૯

શહેરમાં આગામી ૧૬ જુલાઈએ ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા યોજાનાર છે. આ ભવ્ય મહોત્સવ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી ભાવનગર રેન્જ આઈજીપી રાજેન્દ્ર અસારીની અધ્યક્ષતામાં પોલીસ ક્રાઈમ કોન્ફરન્સ રૂમ ખાતે એક શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્ત્વની બેઠકમાં ભાવનગરના એસ.પી. નિતેશ પાંડેય, સીટી ડીવાયએસપી આર.આર. સિંઘાલ સહિત એલ.સી.બી., એસ.ઓ.જી અને તમામ પોલીસ ઈન્સ્પેક્ટરો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન રથયાત્રાના રૂટ પર આવતા વિસ્તારોના હિન્દુ, મુસ્લિમ, સિખ અને ઈસાઈ સહિતના તમામ સમાજોના મોભીઓ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આગેવાનોએ રથયાત્રાના સુચારુ આયોજન અને સુરક્ષા સંદર્ભે પોતાના મહત્ત્વના સૂચનો રજૂ કર્યા હતા. તમામ સમુદાયો દ્વારા આ રથયાત્રા ખૂબ જ હર્ષોલ્લાસ અને પરસ્પર કોમી એકતાના વાતાવરણમાં ઉજવાય તેવી ખાતરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, આઈજીપીની સૂચનાથી પોલીસ વિભાગ દ્વારા આગામી ૧૦ અને ૧૧ જુલાઈએ વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જુદી જુદી સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધા તેમજ બ્લડ ડોનેશન કેમ્પ જેવા સામાજિક કાર્યો યોજાશે, જેની બેઠકમાં હાજર સર્વે આગેવાનોને જાણ કરવામાં આવી હતી.

# અશાંતધારા ભંગ મામલે વધુ બે ગુના નોંધાયા, મિલકત માલિકો અને ભાડુઆતો સહિત 6 સામે કાર્યવાહી










## કાળાનાળા અને ડોન ચોક વિસ્તારમાં સરકારી મંજૂરી વિના ગેરકાયદેસર ભાડા કરાર ઝડપાયા; એલસીબીની ઊંડાણપૂર્વકની તપાસ બાદ પોલીસ સ્ટેશનોમાં ગુના દાખલ થતાં મિલકતો ખાલી કરાવાઈ

ભાવનગર,તા.૯

ભાવનગર શહેરમાં અશાંતધારાની કડક અમલવારીના ભાગરૂપે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. અશાંતધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં કાયદાના ભંગ બદલ મળેલી રજૂઆતોના આધારે પોલીસે વધુ બે ગુના દાખલ કરી કુલ છ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કડક વલણ અને કાયદાકીય પ્રક્રિયાના કારણે અશાંતધારાનો ભંગ કરીને લેવાયેલી મિલકતો ગેરકાયદેસર ખરીદદારો અને ભાડુઆતો દ્વારા ખાલી કરી નાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે પણ ભાવનગર જિલ્લામાં આ કાયદા હેઠળ રાજ્યનો બીજો અને જિલ્લાનો પ્રથમ ગુનો નોંધી કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

એલસીબી દ્વારા કાળાનાળા વિસ્તારમાં આવેલ કાર્લટન સ્કવેર બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નંબર-૬, તેમજ ક્રેસન્ટ સર્કલથી ડોન ચોક જતા રોડ પર એચ.ડી.એફ.સી. બેન્કની સામે આવેલ અર્થ કોમ્પ્લેક્સની શોપ નં. ૧૦ અને મહાલક્ષ્મી સ્કૂલ વાળા ખાંચામાં આવેલી ઓફિસની ઊંડાણપૂર્વક અને તલસ્પર્શી તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, મિલકત માલિકોએ સરકારના નિયમોનુસાર વહીવટી તંત્રની કોઈ પૂર્વ મંજૂરી મેળવ્યા વિના જ રૂ. ૧૦૦૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ ભાડા કરાર કરી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભાડુઆતોને સોંપી દીધો હતો. આ કિસ્સામાં સીટી મામલતદારની ફરિયાદના આધારે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં ભરતનગરના મિલકત માલિક હરેશ મેપાભાઈ ચાવડા, ચિત્રાના જાલાભાઈ વિભાભાઈ ડાભલા અને કાળાનાળાના ભાડુઆત મોહસીનભાઈ કાસમભાઈ પરમાર વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો છે. આ મામલે એલસીબીના પોલીસ સબ ઈન્સપેક્ટર વી.સી.જાડેજા તપાસ ચલાવી રહ્યા છે, જેમાં તપાસ દરમિયાન અન્ય એક ભાડુઆત અમીન રજાકભાઈ મહેતરનું નામ પણ ખુલવા પામ્યું છે.

જ્યારે બીજા કિસ્સામાં, ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં અશાંતધારા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં ઈસ્કોન મેગાસીટીના મિલકત માલિક ભરતકુમાર જયંતિલાલ કોઠારી અને હાદાનગરની ભાડુઆત દિલસાદબેન યુનુસભાઈ શાહ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસની તપાસ પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર વી.બી.ચૌધરી ચલાવી રહ્યા છે. ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા સ્થાવર મિલકત તબદીલ અટકાવવા હક્ક રક્ષક અધિનિયમના અસરકારક અમલના ભાગરૂપે અત્યાર સુધીમાં ઐતિહાસિક કુલ ૪ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

આ સફળ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સપેક્ટર આર.એ.વાઢેર, વી.સી.જાડેજા, પી.ડી.ઝાલા, પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર વી.બી.ચૌધરી તથા સ્ટાફના બલરાજસિંહ સરવૈયા અને હરપાલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી છે.

# ભાવનગરના તમામ PCPNDT ક્લિનિકોમાં CCTV ફરજિયાત

ભાવનગર,તા.૯

ભાવનગર શહેર અને જિલ્લામાં ભ્રૂણ પરીક્ષણ અટકાવવાના કાયદા હેઠળ નોંધાયેલા તમામ ક્લિનિકોમાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણીએ જાહેરનામું બહાર પાડીને આદેશ કર્યો છે કે, તમામ કેન્દ્રોએ સીસીટીવી ફૂટેજનો ડેટા ત્રણ માસ સુધી સુરક્ષિત રાખવો પડશે. આ જાહેરનામું આગામી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ આદેશના અમલીકરણની જવાબદારી જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરિટી (PCPNDT) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને સોંપાઈ છે. જો કોઈ ક્લિનિક આ નિયમનો ભંગ કરશે, તો તેમની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની ગુનાહિત કાર્યવાહી કરવામાં આવશે.

**કેમેરાનો ડેટા ૩ મહિના સુધી સુરક્ષિત રાખવો પડશે; નિયમોનો ભંગ કરનાર સામે કરાશે કાયદેસરની કાર્યવાહી**

# માછીમારોને કિસાન ક્રેડિટ કાર્ડ યોજના તળે મત્સ્યઉદ્યોગ પ્રવૃત્તિ માટે મળશે રૂ. ૨ લાખ સુધીનું સરળ ધિરાણ

## સમયસર લોન ભરપાઈ કરનાર લાભાર્થીઓને કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી કુલ 7 ટકા વ્યાજ સહાય મળશે; ઓનલાઈન અને ઓફલાઈન અરજી પ્રક્રિયા શરૂ

ભાવનગર,તા.૯

ભાવનગર જિલ્લાના માછીમારોને મત્સ્યઉદ્યોગ પ્રવૃત્તિ માટે જરૂરી ધિરાણ સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી ભારત સરકાર દ્વારા માછીમારો માટેની 'કિસાન ક્રેડિટ કાર્ડ' (KCC) યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ કલ્યાણકારી યોજના હેઠળ પાત્રતા ધરાવતા માછીમારોને વિવિધ બેંકો મારફતે વર્કિંગ કેપિટલ (કાર્યકારી મૂડી) માટે મહત્તમ રૂ. ૨ લાખ સુધીનું ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે માછીમારો પોતાની સ્થાનિક બેંક શાખામાં જરૂરી દસ્તાવેજો સાથે રૂબરૂ અરજી કરી શકે છે. આ ઉપરાંત ટેકનોલોજીના માધ્યમથી e-KCC, JanSamarth Protal, Kisan Rin Protal તથા KRISHIKA Mobile App મારફતે પણ ઓનલાઈન અરજી કરવાની આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. અરજદારો પોતાના મોબાઈલ ફોનથી અથવા ગામના વીસીઈ (VCE), નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) કે જિલ્લા મત્સ્ય કચેરીની રૂબરૂ મદદ લઈને પણ ફોર્મ ભરી શકે છે. યોજનાની શરતો અને પ્રોત્સાહક નિયમો મુજબ, કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ લીધેલું ધિરાણ જે લાભાર્થીઓ સમયસર પરત ભરપાઈ કરશે તેમને ભારત સરકાર તરફથી ૩ ટકા તથા રાજ્ય સરકાર તરફથી ૪ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આમ, કુલ ૭ ટકા વ્યાજ રાહત મળવાના કારણે માછીમારોને અત્યંત ઓછા વ્યાજદરે ધિરાણનો સીધો લાભ મળશે. જિલ્લા મત્સ્ય અધિકારી દ્વારા ભાવનગર જિલ્લાના તમામ પાત્ર માછીમારોને આર્થિક સધ્ધરતા આપતી આ યોજનાનો વધુમાં વધુ લાભ લેવા અને સમયસર અરજી કરવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# 'ગ્લુ ટ્રેપ' ના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ: ભંગ કરનાર સામે થશે કાર્યવાહી

ભાવનગર,તા.૯

ઉંદરોને પકડવા માટે ઉપયોગમાં લેવાતો ગ્લુ ટ્રેપ (ગ્લુ-બોર્ડ) પ્રાણીઓ માટે અત્યંત પીડાદાયક હોવાથી ગુજરાત સરકારના ઠરાવ અનુસાર તેના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સાધનમાં ફસાયેલા ઉંદરો છૂટી શકતા નથી અને ભૂખમરા તથા ગુંગળામણથી તરફડીને મૃત્યુ પામે છે, જે 'પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦' ની કલમ-૧૧ હેઠળ ગુનો છે. ભાવનગર જિલ્લા નાયબ પશુપાલન નિયામક અને જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી દ્વારા આ જોગવાઈઓનું જિલ્લામાં ચુસ્ત પાલન કરવા આદેશ કરાયા છે. નિયમોનો ભંગ કરનાર વેપારીઓ કે સંસ્થાઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તંત્રએ તમામ નાગરિકોને ગ્લુ ટ્રેપનો ઉપયોગ ન કરવા અને પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવવા અપીલ કરી છે.

**ઉંદરો પકડવા માટેનું ગ્લુ-બોર્ડ પ્રાણીઓ માટે અત્યંત ક્રૂર હોવાથી પશુપાલન વિભાગ દ્વારા લેવાયો કડક નિર્ણય**

# સોનગઢમાં ડુંગર પાસે જુગાર રમતા વલ્લભીપુરના 3 ઝડપાયા

ભાવનગર,તા.૯

પોલીસે પીપરલા રોડ પર બોરડીધાર ડુંગર પાસે બાવળની કાંટમાં ખુલ્લી જગ્યાએ તીનપત્તીનો જુગાર રમતા ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસને આ સ્થળે જુગાર ધામ ચાલતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે તાત્કાલિક દરોડો પાડવામાં આવ્યો હતો.

અહીંથી પોલીસે જુગાર રમતા અલ્પેશભાઈ ઉર્ફે પેલુ હિંમતભાઈ રાઠોડ, વિક્રમ ગોહિલ અને મહેશ જાદવને ઝડપી લીધા હતા. આ ત્રણેય આરોપીઓ વલ્લભીપુર તાલુકાના પાટીવાડા ગામના રહેવાસી હોવાનું ખુલ્યું છે. પોલીસે આરોપીઓની અંગઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપિયા ૧૦,૨૬૦ અને ગંજીપત્તાના પાના સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે સોનગઢ પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભાવનગરમાં અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓ શરૂ કરવા યુવા સંગઠનોની શિક્ષણમંત્રીને રજૂઆત

## મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓના હિતમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના અંગ્રેજી માધ્યમના વર્ગો શરૂ કરવા માંગ

ભાવનગર,તા.૯

ગુજરાત સરકાર દ્વારા દરેક જિલ્લામાં સરકારી ગ્રાન્ટમાંથી નવીન સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરવાની જાહેરાતને ભાવનગરના આગેવાનોએ આવકારી છે. આ યોજનાનો લાભ ભાવનગરના મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને મળે તે હેતુથી 'ભાવનગર સિંધી સમાજ યુવા સંગઠન' અને 'ભાવનગર સાર્વજનિક યુવા સંગઠન ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા રાજ્યના શિક્ષણ મંત્રીઓને સંયુક્ત રીતે લેખિત રજૂઆત કરવામાં આવી છે.

સંગઠનોની માંગ છે કે સરદારનગરની વીર સરદારસિંહ રાણા શાળા નં. ૭૩ અને રસાલા કેમ્પની સંત કંવરરામ પ્રાથમિક શાળા નં. ૨૮ ખાતે નવી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ શરૂ કરાય. વધુમાં, શૈક્ષણિક કાર્ય શરૂ કરવા હાલની શાળાઓના બિલ્ડિંગમાં અથવા નવી જગ્યાએ તાકીદે ધોરણ ૬ થી ૮ ના વર્ગો માટે વહીવટી મંજૂરી અપાય તેવી અપીલ કરાઈ છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સાંકળ ન તૂટે તે માટે ધોરણ ૯ થી ૧૨ (ઉચ્ચતર માધ્યમિક) સુધીના વર્ગોની વ્યવસ્થા માટે નવીન બિલ્ડિંગ અને ગ્રાન્ટ ફાળવવા જણાવાયું છે. આ અંગે કેબિનેટ શિક્ષણ મંત્રી પ્રદ્યુમનસિંહ વાજાજી અને રાજ્ય કક્ષાના મંત્રી શ્રીમતિ રીવાબા જાડેજાને પત્રો પાઠવવામાં આવ્યા છે. પ્રક્રિયા ઝડપી બને તે માટે પ્રાથમિક શિક્ષણ નિયામક, મેયર, કલેક્ટર અને ડીઈઓ સહિતના અધિકારીઓને રૂબરૂ નકલ રવાના કરી સત્વરે મંજૂરી આપવા રજૂઆત કરાઈ છે.

## ઉંધા ઢાળના કારણે વરસાદી પાણી રોડ પર જમા થતાં માખી-મચ્છરનો ઉપદ્રવ વધ્યો

# તળાજાના બોરડા ગામે નવા બનાવેલા રોડમાં ઈજનેરી ખામી: પાણી ભરાતા લોકોને હાલાકી

તળાજા,તા.૯

તળાજાના બોરડથી બોરડી ગામે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી તાજેતરમાં જ બોરડા બસ? સ્ટેન્ડથી પ્લોટ વિસ્તાર સુધી આર.સી.સી. અને ડામર રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ તંત્ર અને કોન્ટ્રાક્ટરની અણઆવડતને કારણે પ્લોટ વિસ્તારમાં રોડનો ઢાળ ઉંધો રાખવામાં આવતા ગંભીર



સમસ્યા સર્જાઈ છે.

અગાઉ ખેતરો અને રસ્તાનું વરસાદી પાણી સીધું નદીમાં વહી જતું હતું, પરંતુ હવે ઉંધા ઢાળ અને ઉંચા-નીચા રોડને કારણે પાણી આગળ જવાના બદલે પાછળ ધકેલાઈ રહ્યું છે. પરિણામે પ્લોટ વિસ્તારના આર.સી.સી. રોડ પર ગોઠણ સમા ગંદા પાણી ભરાઈ રહે છે. સતત પાણી ભરાયેલું રહેવાથી માખી-મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે અને સ્થાનિક વેપારીઓ, રહીશો તેમજ રાહદારીઓના આરોગ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે.

ભગુડા, બગદાણા અને ગોપનાથ જેવા યાત્રાધામોને જોડતો અને ૪૦ જેટલા ગામો માટે શોર્ટકટ સમાન આ રોડ પરથી રોજના હજારો લોકો પસાર થાય છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, બે મહિના પહેલા કામગીરી વખતે જ ઢાળ બાબતે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, છતાં કોઈ પગલાં ન લેવાયા. ગ્રામજનો હવે તાત્કાલિક આ ઢાળ સુધારી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે.

# ભાવનગર સંઘના આંગણે ગચ્છનાયક અને જૈનાચાર્યોની નિશ્રામા ઐતિહાસિક ચાતુર્માસ

## ૪ આચાર્ય અને ૮૦ પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોની હાજરીમાં આરાધના પર્વ શરૂ; ચારેય ફિરકાના જૈનો ભેદભાવ ભૂલી એક જ પ્લેટફોર્મ પર કરશે મહાતપ

ભાવનગર,રતા.૯

ભાવનગર શહેરના જૈન શાસન ઈતિહાસમાં વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું છે. સંસ્કાર નગરી ભાવનગરમાં ગચ્છનાયકની પરમ પાવન નિશ્રામાં ઐતિહાસિક ચાતુર્માસનો મંગલ પ્રારંભ થયો છે. પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજની તપોભૂમિ અને શાસન સમ્રાટ વિજય



નેમિસૂરીશ્વરજી મહારાજની દીક્ષાભૂમિ એવા ભાવનગર સંઘમાં ભવ્ય નગર પ્રવેશ સાથે જ આરાધના પર્વ શરૂ થયું છે. આ વર્ષે હેમચંદ્રસૂરિ, રાજહંસસૂરિ, જિનસુંદરસૂરિ, ધર્મબોધિસૂરિ સહિત ૪ આચાર્ય ભગવંતો અને ૨ પન્યાસ ભગવંતો મળી કુલ ૨૪ પૂજ્ય શ્રમણ ભગવંતો અને ૫૬ પૂજ્ય શ્રમણી ભગવંતોની નિશ્રાનો લાભ ભાવનગરને મળ્યો છે. નગર પ્રવેશ દરમિયાન વરસાદી હેલીથી ગુરુ ભગવંતોનું સ્વાગત કરાયું હતું.

આ ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ગુરુ ભગવંતોએ પ્રબોધન આપતા જણાવ્યું હતું કે, ચાતુર્માસના દિવસો સદગુરુદેવની આજ્ઞા મુજબ સાચો શુદ્ધ ધર્મ કરવા માટેના છે. ગચ્છનાયકની નિશ્રામાં સાડા ચાર મહિના દરમિયાન નાના-મોટા તમામ શ્રાવકો માટે જીવવિચાર અને નવતત્ત્વનો વિશેષ અભ્યાસક્રમ યોજાશે અને અંતમાં પરીક્ષા લઈને ઉત્તીર્ણ ભાગીદારોનું બહુમાન કરાશે.

આગામી ૨૬ તારીખને રવિવારે ભાવનગરના ચારેય ફિરકાના જૈનો સાથે મળીને મેઘાણી ઓડિટોરિયમ ખાતે સામૂહિક નવકાર મંત્રના જાપથી ચાતુર્માસનો સત્તાવાર પ્રારંભ કરશે. આ ઉપરાંત અષાઢ સુદ એકમના દિવસે ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે સમગ્ર ભાવનગરમાં સામૂહિક આયંબિલ તપનું આયોજન હાથ ધરાયું છે. રાણપુરના એક અજૈન ઉદ્યોગપતિએ આયંબિલ તપથી પ્રભાવિત થઈને આ દિવસે આયંબિલ કરનાર પ્રત્યેક આરાધકને ૧૦૦ રૂપિયાની પ્રભાવના આપવાની જાહેરાત કરી છે. વધુમાં, આ ચાતુર્માસ દરમિયાન ભાવનગરમાં ૧૦૦૮ ધર્મચક્ર તપ પૂર્ણ કરવાનો સંકલ્પ લેવાયો છે. તમામ સમુદાયો પરસ્પર ભેદભાવ ભૂલીને ગચ્છનાયકના આદેશાનુસાર એક જ પ્લેટફોર્મ પર આરાધના કરી એકતાનો સંદેશ આપશે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ઘર વિહોણાઓ માટે ખુશખબર : અધેવાડા અને સીદસરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બંધાશે ૩,૨૮૯ આવાસો

### ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં ૧ અને ૨ BHK ના ઘરનું સ્વપ્ન થશે સાકાર; લાભાર્થીઓ માટે ઓનલાઈન ડિમાન્ડ સર્વેમાં ફોર્મ ભરવું ફરજિયાત

ભાવનગર,તા.૯

શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પોતાનું ઘરનું ઘર મળી રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા એક ઐતિહાસિક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મનપા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અધેવાડા અને સીદસર ટીપી વિસ્તારમાં એકસાથે સૌથી મોટી ૩,૨૮૯ આવાસ બનાવવાની યોજનાનું નિર્માણ આગામી દિવસોમાં કરાશે. આ યોજના હેઠળ ૩,૧૭૦ ઈ.ડબલ્યુ.એસ.-૨ કેટેગરીમાં ૨ BHK તેમજ ૧૧૯ ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં ૧ BHK આવાસ બનાવવામાં આવશે. આ આવાસ માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા શરૂ છે અને આગામી ૧૮ જુલાઈ ટેન્ડર ભરવાનો અંતિમ દિવસ છે. મનપાના આવાસ વિભાગના જણાવ્યા મુજબ, કોર્પોરેશનને એક આવાસ દીઠ અંદાજે રૂ. ૧૩.૬૦ લાખનો પડતર ખર્ચ થાય છે, પરંતુ સબસિડીના કારણે લાભાર્થીઓને ૨ BHK માટે માત્ર રૂ. ૯ લાખ અને ૧ BHK માટે રૂ. ૭ લાખ જ ભરપાઈ કરવાના રહેશે. જો કે, આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા નગરજનો માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ઓનલાઈન ડિમાન્ડ સર્વેમાં ફોર્મ ભરવું ફરજિયાત છે. જે લોકો આ સર્વેમાં જોડાશે, તેઓએ જ આગામી દિવસોમાં બહાર પાડવામાં આવનાર ઓનલાઈન માધ્યમથી અરજીપત્રકો ભરવાના રહેશે. જ્યારે પણ આ સત્તાવાર અરજી પત્રકો બહાર પડે, ત્યારે અરજદારે પરિવારના તમામ સભ્યોના ઓળખપત્રો, જાતિ અને આવકનો દાખલો, દિવ્યાંગો માટે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર, કાયમી રહેઠાણના પુરાવા તરીકે લાઈટ બિલ, મિલકત વેરા બિલ, રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, બેંક પાસબુક અથવા કેન્સલ ચેક અને નોટરાઈઝ્ડ સોગંદનામુ સહિતના ૧૫ જેટલા જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ભાવનગર કોર્પોરેશન દ્વારા અગાઉ પણ અનેક આવાસો બનાવીને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનું ઘરનું સ્વપ્ન સાકાર કરવામાં આવ્યું છે.

## ક્રાઇમ ન્યૂઝ

## ક. પરામાં કલવર્ટની કામગીરીને પગલે ૫ ઓગસ્ટ સુધી રોડ બંધ

ભાવનગર,તા.૯

શહેરમાં કરચલીયાપરા વોર્ડ, ટેકરીચોક પાસે બોક્ષ કલવર્ટ બનાવવાનું કામ શરૂ થવાનું હોવાથી લોકોની સલામતી માટે મહાપાલિકાના કમિશનરે ૯ જુલાઈથી ૫ ઓગસ્ટ સુધી વાહનોની અવરજવર પર પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ કામગીરી દરમિયાન વાહનોને વાલ્કેટ ગેટથી વિઠલેશ્વર રોડ, ભીલવાડા સર્કલ, શિશુવિહાર સર્કલ, પ્રભુદાસ તળાવ ચોક થઈ નવાબંદર રોડ તરફના ડાયવર્ઝન રૂટ પરથી પસાર થવાનું રહેશે.

## ગઢુલા ગામે પાણીના વિવાદમાં યુવક પર હુમલો કરી ધમકી અપાઈ

ભાવનગર,તા.૯

તળાજાના ગઢુલા ગામે રહેતા વિક્રમ નાનજીભાઈ બાટિયા પર વરસાદનું પાણી રોડ પર આવવા અને ગેટ ખોલવા બાબતે ઉક્ત લોકોએ આક્ષેપ કર્યો હતો. આ વિવાદમાં માવજી સુખાભાઈ, વલ્લભ સુખાભાઈ, અમલ માવજીભાઈ અને ભાકુબેન માવજીભાઈએ વિક્રમભાઈને અપશબ્દો કહી ઢીકાપાટુંનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે દાઠા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## મહુવા માર્કેટ યાર્ડ પાસે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૯

લોકલ ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે મહુવા માર્કેટ યાર્ડ પાસે દરોડો પાડી જાહેરમાં વરલી મટકાના આંકડા લખતા અતાક યાસીનખાન પઠાણને રૂ. ૧૨,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. તેની પૂછપરછમાં માહિર અબ્દુલ કાદર મોખર ફોન પર આંકડા લખાવતો હોવાની અને હિસાબના રૂપિયા આપતો હોવાની કબૂલાત મળતા મહુવા પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જેસર અને વરતેજ પોલીસે વિદેશી દારૂ સાથે બે શખ્સોને દબોચ્યા

ભાવનગર,તા.૯

જેસર પોલીસે ચોક ગામના બસ સ્ટેન્ડ પાસે દરોડો પાડી પસાર થઈ રહેલા શક્તિસિંહ ધરમભાઈ ગોહિલને અટકાવ્યો હતો. તેની તલાશી લેતા રૂ. ૧૦૦ ની કિંમતની વિદેશી દારૂની એક બોટલ મળી આવતા પોલીસે તેને ઝડપી લીધો હતો. જ્યારે અન્ય એક દરોડામાં, વરતેજ પોલીસે સીદસર એન્જિનિયરિંગ કોલેજ પાસેથી પસાર થતા લલિત અતુલભાઈ ઝાલાને ઝડપી તેની પાસેથી રૂ. ૧૪૦ ની કિંમતનું વિદેશી દારૂનું ચપટું જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચેક બાઉન્સ કેસમાં સજા કાયમ: મહુવા નાગરિક બેંકના બાકીદારને ૬ માસની કેદ

ભાવનગર,તા.૯

મહુવા નાગરિક સહકારી બેંકમાંથી લોન લેનાર બાકીદાર જેઠાભાઈ બાબુભાઈ સાગરે હપ્તા ભરવા આપેલો રૂ. ૨, લાખનો ચેક ખાતામાં અપૂરતા બેલેન્સને કારણે પરત ફર્યો હતો. આ કેસમાં નીચલી કોર્ટે આરોપીને ૬ માસની સાદી કેદ અને ચેકની દોઢી રકમ એટલે કે રૂ. ૩,૫૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. આ ચુકાદા સામે આરોપીએ કરેલી અપીલને ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ અતુલકુમાર એસ. પાટીલે નામંજૂર કરી સજા અને દંડનો આદેશ યથાવત રાખ્યો છે.

## સિહોરના નેસડા ગામે વાડીમાંથી વિદેશી દારૂની ૧૦ બોટલ ઝડપાઈ

ભાવનગર,તા.૯

સિહોર પોલીસે નેસડા ગામે પાવઠી તરીકે ઓળખાતી સીમમાં બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. ત્યાં કિશોર મુળજીભાઈ કુવાડિયા નામના શખ્સની વાડીમાંથી તલાશી દરમિયાન રૂ. ૮,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલનો મુદ્દામાલ મળી આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી કિશોર કુવાડિયા ફરાર થઈ જતાં પોલીસે તેની વિરૂદ્ધ સિહોર પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ

**ક્ષત્રિય મરણ- ઉખરલા- ભાવનગર**

અનિરૂધ્ધસિંહ રણુભા ગોહિલ (ઉં.વ.૪૭) ગામ ઉખરલા (હાલ ભાવનગર) તા.૭ને મંગળવારના રોજ દેવચરણ પામેલ છે. તેઓ સ્વ.રણુભા જીલુભા ગોહિલના દિકરા તથા સ્વ.ચંદુભા, સ્વ.બટુકસિંહ, અજીતસિંહ, મહાવિરસિંહ, વિક્રમસિંહના ભત્રીજા, મહેન્દ્રસિંહના નાનાભાઈ, વિજયસિંહના મોટાભાઈ તથા સુર્યદિપસિંહના પિતાશ્રી, વિશ્વજીતસિંહના કાકા, રાજેન્દ્રસિંહ સરવૈયાના સાળા થાય. તેમનું બેસણું તા. ૧૦ને શુક્રવારે સાંજે ૪ થી ૬ કલાકે તથા ઉત્તરક્રિયા તા.૧૬ને ગુરૂવારે ખોડિયારનગર-૨, શિતળા માતાના મંદિર પાછળ, ખારસી પ્રાથમિક શાળાની સામે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**ગારીયાધાર નગરપાલિકા (જિ. ભાવનગર)**
**: : જાહેર નિવિદા : :**

ગારીયાધાર નગરપાલિકામાં પાણી પુરવઠા વિભાગના ટ્રેક્ટર નં.GJ-04-GA-0571ના વાહનના માલસામનની ખરીદી કરવાની હોય. જેમાં રસ ધરાવતા વેપારીઓએ નીચે મુજબની આઈટમ વાઈજ ભાવો ય્જી તથા તમામ ટેક્સ સાથેના ભરીને તા. ૧૫/૦૭/૨૦૨૬ સુધીમાં " ચીફ ઓફિસર નગરપાલિકા ગારીયાધાર " ના નામે ફરીયર/રજી.પોસ્ટ.એડી. થી મોકલવાના રહેશે.

| ક્રમ | માલસામનની વિગત | જથ્થો/નંગ |
|---|---|---|
| ૧ | ટ્રેકટર ટેન્કરનું ટાયર (સાઈઝ-''૯.૦૦-૧૬'') | ૦૨ |
| ૨ | મહિન્દ્રા ટ્રેકટર -276DI ની બેટરી | ૦૧ |

નોંધ :- ઉપર મુજબની આઈટમો સ્ટાન્ડર અને બ્રાન્ડેડ કંપની ની હોવી જોઈએ
જા.નં. ૯૩૪ /૨૦૨૬
તા. ૦૭/ ૦૭/૨૦૨૬

(એ.યુ.રાજાઈ) ચીફ ઓફિસર ગારીયાધાર નગરપાલિકા
(ડો. પ્રફુલભાઈ એલ. કાત્રોડીયા) ઉપપ્રમુખ ગારીયાધાર નગરપાલિકા
(મીનાબેન એસ. બારૈયા) પ્રમુખ ગારીયાધાર નગરપાલિકા

માહિતી-ભાવ-૩૭૨-૨૬

# ભગવાન ખાસ મખમલી વાઘામાં સજ્જ થઈ દર્શન આપશે જગન્નાથજીની ૪૧મી રથયાત્રાની તડામાર તૈયારી

### આ વર્ષે બ્રોકેટના બદલે વેલવેટના કપડામાં બે રંગોના સમન્વય સાથે આકર્ષક શૃંગાર કરાશે; હરજીવનભાઈ દાણીધારિયા છેલ્લા ૩૦ વર્ષથી નિ:સ્વાર્થ ભાવે સીવે છે ભગવાનના વસ્ત્રો




ભાવનગર,તા.૯

શહેરમાં આગામી ૧૬ જુલાઈ ૨૦૨૬ ને ગુરૂવારના રોજ સ્વ. ભીખુભાઈ ભટ્ટ પ્રેરિત 'શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ ટ્રસ્ટ-ભાવનગર' દ્વારા ભગવાન શ્રી જગન્નાથજીની ૪૧મી પરંપરાગત રથયાત્રા ધામધૂમથી નીકળશે. આ મહોત્સવ પૂર્વે આયોજકો દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. આ વર્ષે રથયાત્રામાં ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી માટે કંઈક નવો પ્રયોગ કરીને બ્રોકેટના બદલે ખાસ લાલ, પીળા અને લીલા રંગના 'વેલવેટ' (મખમલ) ના કપડામાંથી સુંદર વાઘા તૈયાર કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૩૦થી વધુ વર્ષથી નિ:સ્વાર્થ ભાવે મંદિરોમાં વસ્ત્રો સીવવાની સેવા આપતા હરજીવનભાઈ મથુરદાસ દાણીધારિયા આ વાઘા તૈયાર કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષે દરેક વાઘામાં એકસાથે બે રંગોનો ઉપયોગ કરાયો છે. ભગવાન જગન્નાથ અને બળભદ્ર માટે લાલ રંગના વાઘામાં પીળા રંગની ડિઝાઈન ઉમેરાઈ છે, જ્યારે સુભદ્રાજી માટે પીળા રંગના વાઘા સાથે લીલા રંગની સુંદર ઓઢણી તૈયાર કરાઈ છે, જે ભગવતીના શૃંગારની શોભા વધારશે. પ્રભુની આ અનોખી સેવા માટે તેઓ પોતાનું અહોભાગ્ય માની રહ્યા છે.

## ભાવનગર વાળંદ મિત્ર મંડળ દ્વારા તેજસ્વી તારલાઓના સન્માન સમારોહનું આયોજન

### ૮મી ઓગસ્ટના રોજ યશવંતરાય ખાતે કાર્યક્રમ યોજાશે: ૨૦ જુલાઈ સુધીમાં માર્કશીટ જમા કરાવવી

ભાવનગર,તા.૯

ભાવનગર જીલ્લા વાળંદ જ્ઞાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે વાળંદ મિત્ર મંડળ દ્વારા આગામી તા. ૮ઓગસ્ટ, શનિવારના રોજ બપોરે ૨ થી ૬ કલાકે યશવંતરાય નાટ્યગૃહ, મહિલા કોલેજ સર્કલ ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રમુખ હિરેનભાઈ બુધેલીયા અને મંત્રી કૃપેશભાઈ નાયીએ જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૫-૨૬માં પાસ થયેલા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ તા. ૧૦ થી ૨૦ જુલાઈ સુધીમાં નિર્ધારિત ૫ સ્થળો (ઓમ અમૂલ પાર્લર, જયહિન્દ કાર્યાલય, કોલેજીયન હેર આર્ટ, આર્ટીસ્ટ હબ એકેડમી અને પંચવટી ચશ્માઘર) પૈકી કોઈ એક પર જમા કરાવી ટોકન મેળવી લેવાનો રહેશે. ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો અપાશે. જ્યારે ધોરણ ૯ થી ૧૨, ત્ઈઈ-દ્ઈઈ્, સ્નાતક-અનુસ્નાતક અને પીટીસીમાં ૬૦% થી વધુ ગુણ લાવનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને મેરીટના આધારે વિશિષ્ટ ઈનામો અપાશે. સ્પોર્ટ્સ, પીએચડી કે ક્લાસ ૧-૨ ની સીધી ભરતી પાસ કરનારનું પણ વિશેષ સન્માન થશે. ઈનામ મેળવવા માટે કાર્યક્રમમાં વિદ્યાર્થીની હાજરી અનિવાર્ય છે, વાલીને ઈનામ અપાશે નહીં.

## મનપામાં બાયોમેટ્રિક હાજરી ફરજિયાત: નિયમોનો ભંગ કરનાર કર્મચારીઓનો પગાર અટકશે

### હાજરીના આધારે પગાર કરવાનો નવો હુકમ ; સમયમર્યાદા અને શાખાધિકારીઓની જવાબદારીઓ નક્કી કરાઈ

ભાવનગર,તા.૯

ભાવનગર મહાપાલિકામાં કર્મચારીઓની અનિયમિતતા રોકવા કમિશનરે ફરી કડક હુકમ કર્યો છે. હવેથી તમામનો પગાર બાયોમેટ્રિક હાજરીના આધારે જ થશે. નવી કાયદાકીય કચેરી પ્રક્રિયા મુજબ, દર માસની ૧૭મી સુધીમાં બાયોમેટ્રિક ડેટા ઉપલબ્ધ કરાવવાનો રહેશે. મુક્તિ પાત્ર કર્મચારીઓ માટે ૨૦મી સુધીમાં મંજૂરી મેળવી ૨૨મી તારીખ સુધીમાં સેન્ટ્રલ એસ્ટા વિભાગને અહેવાલ મોકલવાનો રહેશે. ત્યારબાદ ૨૯મી તારીખ સુધીમાં પગારબીલ ઓડિટ વિભાગમાં રજૂ કરવાના રહેશે. આ સમયમર્યાદાના ભંગ અને વિલંબ માટે સંબંધિત શાખાધિકારી વ્યક્તિગત રીતે સંપૂર્ણ જવાબદાર રહેશે.

## વૃદ્ધાવસ્થામાં માનસિક સ્વાસ્થ્ય અને માર્ગદર્શન

શિશુવિહાર સંસ્થા આયોજિત સ્વસ્થ વૃદ્ધત્વ તાલીમ એક અને બે ના ૫૦ વડીલોએ એકત્ર થઈ આનંદવિહાર મંડળ રચ્યુ છે. ૬૫- ૭૦ વર્ષથી વધુ વઈ ધરાવતા નાગરિકો દર મહિને બે વખત મળે છે. અને પ્રાર્થના ધ્યાન બૌધિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ પણ યોજે છે. રોબર્ટભાઈ ફર્નાન્ડિસ સંચાલિત કાર્યક્રમના પ્રારંભે ભાવનગરના જાણીતા મનોચિકિત્સક ડોક્ટર શૈલેષભાઈએ. વૃદ્ધાવસ્થામાં માનસિક સ્વાસ્થ્ય વિષય માહિતી સભર વિચાર આપ્યા હતા. આ પ્રસંગે ત્રણ વડીલોના જન્મદિવસની આનંદ સહ ઉજવણી થઈ હતી.

## રોટરી ક્લબ ઑફ ભાવનગર રાઉન્ડ ટાઉન દ્વારા કિશોરીઓને ફ્રી સેનિટરી પેડ વિતરણ



ભાવનગર,તા.૯

રોટરી ક્લબ ઑફ ભાવનગર રાઉન્ડટાઉન દ્વારા તાજેતરમાં રામ મંત્ર મંદિર સ્કૂલ ખાતે કિશોરીઓમાં આરોગ્ય અને માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા નિ:શુલ્ક સેનિટરી પેડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત ૨૫૦થી વધુ કિશોરીઓને સેનિટરી પેડ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં માસિક દરમિયાન થતી સામાન્ય સમસ્યાઓ, તેના નિવારણ, યોગ્ય સ્વચ્છતા જાળવવાના ઉપાયો અને ગેરમાન્યતાઓ દૂર કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી કિશોરીઓમાં આરોગ્યપ્રદ જીવનશૈલી વિકસી શકે. આ પ્રોજેક્ટના ચેરપર્સન મનીષાબેન ગોહેલ અને રોટેરિયન હેતલબેન ખટસુરિયાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો. ક્લબના પ્રમુખ રો. હિરલ ઓઝાના નેતૃત્વમાં યોજાયેલ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કિશોરીઓમાં સકારાત્મક અભિગમ કેળવવાનો હતો. ક્લબ દ્વારા ભવિષ્યમાં પણ આવા આરોગ્ય અને જનજાગૃતિના કાર્યક્રમો યોજવાની નેમ વ્યક્ત કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

## પીએનઆર.સોસાયટીમાં મેગા એસેસમેન્ટ કેમ્પનું આયોજન

ભાવનગર,તા.૮

PNR સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ કાળિયાબીડ ભાવનગર ખાતે આગામી તા.૧૧ થી ૧૨ જુલાઈ – ૨૦૨૬ ના રોજ સવારે ૯:૩૦ થી ૫.૩૦ સુધી વિવિધ પ્રકારની દિવ્યાંગતાવાળા બાળકો માટે વિશિષ્ટ પ્રાથમિક નિદાન અને સારવારલક્ષી જરૂરિયાતો માટેના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાંત ડો. દીપક ગંજીવાલા (ઓકયુપેશનલ), ટીમ, વિશ્વા મહેતા (સ્પીચ થેરાપિસ્ટ), ટીમ, ગૌતમકુમાર (સ્પેશ્યલ એજ્યુકેટર), ટીમ અને સંસ્થાના નિષ્ણાત ડોકટરો તથા તજજ્ઞો દ્વારા સી.પી., મંદબુદ્ધિ, ઓટિઝમ, મલ્ટિપલ ડિસેબિલિટી, ADHD, લર્નિંગ ડિસેબિલિટીવાળા, (LD) ડિસ્લેક્ષીયા અને લોકોમોટર ડિસેબિલિટીવાળા બાળકો અને યુવાનોની તપાસ કરી, સારવારલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે. રજીસ્ટ્રેશન તથા ટોકન ફી ભરવા માટે સવારે ૧૧ થી ૫:૩૦ દરમ્યાન સંસ્થાનો ફોન નં : ૯૪૨૭૪૨૩૭૫૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## કાળાતળાવમાં નિરમા અને શિશુવિહાર દ્વારા યોજાઈ આરોગ્ય શિબિર



ભાવનગર,તા.૯

શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી ભાલ વિસ્તારનાં કાળા તળાવ ગામે ૮મી જુલાઈના રોજ નિ:શુલ્ક આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૩૧૨ ગ્રામજનોની આરોગ્ય તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીઓને દવા અને ચશ્માનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત શાળાના બાળકોના લોહીમાં હિમોગ્લોબીનની પણ તપાસ કરવામાં આવી હતી. શિશુવિહારની આરોગ્ય ટીમના ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, છાયાબહેન રાણીગા, અંકિતાબેન ભટ્ટ સહિતના સભ્યો, નિરમા હેલ્થ સેન્ટરના મુકેશભાઈ ગોહિલ, સરપંચ અશોકભાઈ પરમાર અને આચાર્ય રમેશભાઈ ડાભીની ઉપસ્થિતિમાં આ કેમ્પ સફળ રહ્યો હતો. કાર્યક્રમનું સંકલન અનિલભાઈ બોરીચાએ કર્યું હતું.

## શિશુવિહાર દ્વારા આંગણવાડી કાર્યકર બહેનોને અપાશે તાલીમ

ભાવનગર,તા.૯

ભાવનગર શહેરની ૩૧૬ આંગણવાડીઓ સાથે સંકળાયેલી ૪૦૦થી વધુ કાર્યકર બહેનો માટે શિશુવિહાર સંસ્થા દ્વારા 'બાળ શિક્ષણમાં સાધનોની અનિવાર્યતા' વિષય પર પ્રત્યક્ષ નિદર્શન સાથેનો તાલીમ કાર્યક્રમ યોજાશે. મુંબઈ રોટરી ક્લબના નિલેશભાઈ સૂચક અને જાગ્રતભાઈ ભટ્ટ પરિવારના સૌજન્યથી સતત ૧૫માં વર્ષે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળ શિક્ષણ માટે અનિવાર્ય જીવનશિક્ષણ, ઈન્દ્રિયશિક્ષણ તેમજ ગણિત અને ભાષા લેખનમાં ઉપયોગી સાધનો વિશે કાર્યકરોને માહિતગાર કરવામાં આવશે. ભાવનગર મહાનગરપાલિકાના મહિલા બાળ વિકાસ વિભાગ ઘટક ૧ અને ૨ ના સહકારથી યોજાતા આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી અને શહેરના બાલ તજજ્ઞો પોતાના વિચારો રજૂ કરશે. શિશુવિહારના વાનાણી હૉલમાં યોજાનાર આ કાર્યક્રમમાં શહેરના અન્ય બાલમંદિરોના શિક્ષકો પણ રજીસ્ટ્રેશન નંબર (૯૮૨૪૫૧૫૯૯૫) પર સંપર્ક કરી તાલીમમાં ભાગ લેવા ઉપસ્થિત રહી શકશે.

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૧૯/૨૦૨૬**
**જન્મ.તારીખ.૧૧/૦૮/૨૦૧૩**

**શ્રી સલીમખાન નાજીરખાન ખાન,**
**રહે. શેરી નં-૯, પ્રભુદાસ તળાવ, મફતનગર, હવા મસ્જીદ પાછળ,**
**ભાવનગર મો.નં.૯૩૨૮૬૪૮૬૬૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સલીમખાન નાજીરખાન ખાનએ તેમના પુત્ર સબ્બુખાન સલીમખાન ખાનનો જન્મ તા.૧૧/૮/૨૦૧૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૮/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૨૦/૨૦૨૬**
**જન્મ.તારીખ.૨૬/૧૦/૨૦૦૮**

**શ્રી સલીમખાન નાજીરખાન ખાન,**
**રહે. શેરી નં-૯, પ્રભુદાસ તળાવ, મફતનગર, હવા મસ્જીદ પાછળ,**
**ભાવનગર મો.નં.૯૩૨૮૬૪૮૬૬૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સલીમખાન નાજીરખાન ખાનએ તેમના પુત્ર ઈકબાલખાન સલીમભાઈ ખાનનો જન્મ તા.૨૬/૧૦/૨૦૦૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૮/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૨૧/૨૦૨૬**
**જન્મ.તારીખ.૧૫/૦૯/૨૦૧૧**

**શ્રી સલીમખાન નાજીરખાન ખાન,**
**રહે. શેરી નં-૯, પ્રભુદાસ તળાવ, મફતનગર, હવા મસ્જીદ પાછળ,**
**ભાવનગર મો.નં.૯૩૨૮૬૪૮૬૬૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સલીમખાન નાજીરખાન ખાનએ તેમના પુત્રી સાયેબાબાનુ સલીમભાઈ ખાનનો જન્મ તા.૧૫/૯/૨૦૧૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦મર્માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૮/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

## રેન્જ આઇજી અને એસપીની આગેવાનીમાં જગન્નાથજી રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ એક્શનમાં, સંવેદનશીલ રૂટ પર ચાંપતી નજર

# રથયાત્રા પૂર્વે પોલીસનું મેગા નાઈટ કોમ્બિંગ: ૨૦૦ જેટલા શખ્સોની અટકાયત






ભાવનગર,તા.૯

ભાવનગરમાં આગામી તા.૧૬મીએ નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે બુધવારની રાત્રે પોલીસ દ્વારા 'કોમ્બિંગ નાઈટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ-અલગ ડિવિઝન હેઠળ અનેક શખ્સોને વિવિધ ગુનાઓમાં પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર અસારી અને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સીધી દેખરેખ હેઠળ આ મેગા ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં સીટી ડીવાયએસપી સિંઘાલ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તેમજ નિલમબાગ, બોરતળાવ, ગંગાજળિયા તળાવ, ઘોઘારોડ અને ભરતનગર પોલીસ મથકના પીઆઈ સહીત સ્ટાફ દ્વારા શહેરના પ્રવેશદ્વારો અને વિવિધ સર્કલો પર સઘન ચેકિંગ કરાયું હતું. આ ઓપરેશનમાં નશો કરેલા, છરી જેવા હથિયારો સાથે ફરતા અને શંકાસ્પદ હાલતમાં રખડતા-ભટકતા આશરે ૨૦૦ જેટલા લોકોને રાતોરાત ઉઠાવીને પોલીસ હેડક્વાર્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા.આ ઉપરાંત પોલીસ દ્વારા રથયાત્રાના નિર્ધારિત રૂટ પર પણ સઘન ચેકીંગ હાથ ધરાયું હતું. ખાસ કરીને શહેરના સેન્સેટિવ ગણાતા ખારગેટથી મામાકોઠા રોડ અને હલુરીયા ચોક સહિતના વિસ્તારોમાં પોલીસે ગલીઓમાં જઈને તપાસ કરી હતી. રથયાત્રા દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા એક સચોટ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જે મુજબ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

# પાલીતાણામાં વરસાદી પાણીમાં તણાયેલા રાણપરડાના આધેડનો મૃતદેહ બે દિવસ પછી ચેકડેમમાંથી મળ્યો!

## ફાયર વિભાગે મૃતદેહ બહાર કાઢ્યો, પાલીતાણા રૂરલ પોલીસ દ્વારા હાથ ધરાઈ તપાસ



ભાવનગર,તા.૯

ભાવનગર જિલ્લાના પાલીતાણા પંથકમાં બે દિવસ પૂર્વે ખાબકેલા ભારે વરસાદને પગલે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે નદીઓ ગાંડીતૂર બની હતી અને શેત્રુંજી ડેમ સહિત સ્થાનિક ચેકડેમો ઓવરફ્લો થયા હતા. આ વિકટ પરિસ્થિતિ વચ્ચે પાલીતાણા તાલુકાના રાણપરડા ખારા ગામના ધીરુભાઈ નામના એક આધેડ પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ જતાં ગુમ થયા હતા.ઘટનાના બે દિવસ બાદ, આજે સવારે ગામના જ એક ચેકડેમમાંથી તેમનો મૃતદેહ મળી આવતાં પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. સ્થાનિકો દ્વારા તંત્રને જાણ કરવામાં આવતા પાલીતાણા ફાયર ઓફિસર ચેતનસિંહ સરવૈયાને રેસ્ક્યુ કોલ મળ્યો હતો.કોલ મળતાની સાથે જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જેમાં ફાયર જવાન ગોહિલ જયવંતસિંહ, ચિરાગ નાથાણી અને અજયસિંહ ગોહિલ દ્વારા ભારે જહેમત ઉઠાવીને ચેકડેમમાંથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતા પાલીતાણા રૂરલ પોલીસે ઘટના સ્થળે પહોંચીને મૃતદેહનો કબજો લીધો હતો અને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોલિસીમાં ઓછું વળતર મળતા ઈન્સ્યોરન્સ મેનેજર પર હુમલો કરી ગ્રાહકે રૂ. ૧૮ લાખના ચેક પડાવ્યા

ભાવનગર,તા.૯

શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલી સમરસ હોસ્ટેલ પાસે ઈન્સ્યોરન્સ પોલિસીમાં ધાર્યા મુજબનું વળતર ન મળતા ગ્રાહકે એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સના બ્રાન્ચ મેનેજરને લાફા મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૧૮ લાખના ચેક પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

મળતી વિગતો મુજબ, વડોદરા ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા અને મૂળ કાળિયાબીડના વતની અભયભાઈ હર્ષદરાય જોષી વર્ષ ૨૦૨૧માં ભાવનગર હતા, ત્યારે ગ્રાહક શક્તિસિંહ કાળુભા ડાભીએ એક એડવાઈઝર મારફતે રૂ. ૧૫ લાખનું રોકાણ કર્યું હતું. શેરબજાર ડાઉન હોવાને કારણે ધાર્યા કરતા ઓછું આશરે ૬ ટકા વળતર મળતા શક્તિસિંહ ઉશ્કેરાયા હતા.ગત ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ શક્તિસિંહે ફોન કરી મેનેજર અભયભાઈને સમરસ હોસ્ટેલ પાસે બોલાવ્યા હતા અને ઉગ્ર બોલાચાલી કરી બે લાફા ઝીકી દીધા હતા. 'જો પૂરું વળતર નહી મળે તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપતા ગભરાયેલા મેનેજરે રૂ. ૯-૯ લાખના બે ચેક (કુલ રૂ. ૧૮ લાખ) સહી કરીને આપી દીધા હતા. આ મામલે ભોગ બનનારે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમરસ હોસ્ટેલ પાસે મેનેજરને બોલાવી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ; નિલમબાગ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી


